# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MODAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરારથી દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો માર્ગ મોકળો થયો
2. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવની સ્પષ્ટતા-અરવલ્લી ક્ષેત્રમાં શહેરીકરણની સરકારની કોઈ જ યોજના નથી
3. નીતિ આયોગે આજે ભારતમાં ઉચ્ચ શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ પર એક અહેવાલ બહાર પાડ્યો
4. દિલ્હી વડી અદાલતે કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી પાસે નેશનલ હેરાલ્ડ કેસમાં ED એ દાખલ કરેલી અરજીનો જવાબ માંગ્યો
5. કેન્દ્ર સરકારે નાણાકીય છેતરપિંડી જોખમ સૂચકની મદદથી માત્ર 6 મહિનામાં 600 કરોડ રૂપિયાના સાયબર નુકસાનને અટકાવ્યું

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## GOYAL FTA-INDIA NEW ZEALAND

ભારત અને ન્યુઝીલેન્ડે આજે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર - FTA વાટાઘાટોના સફળ સમાપનની જાહેરાત કરી. આ કરાર પાંચ ઔપચારિક વાટાઘાટો, અનેક વ્યક્તિગત અને વર્ચ્યુઅલ મધ્યસ્થી પર સતત અને તીવ્ર ચર્ચાઓ દ્વારા પૂર્ણ થયો.

આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે FTA ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને નવીનતાઓ માટે વિવિધ તકોનું નિર્માણ કરશે. શ્રી ગોયલે નોંધ્યું કે આ ભારતનો ત્રીજો FTA છે જેમાં ઓસ્ટ્રેલિયા, યુકે અને હવે ન્યુઝીલેન્ડ સામેલ છે અને ટૂંક સમયમાં કેનેડા સાથે વેપાર ચર્ચા શરૂ કરાશે. તેમણે વધુમાં ભાર મૂક્યો કે ભારત-ન્યુઝીલેન્ડ FTA ભારતની નિકાસના 100 ટકા પર શૂન્ય કર સુનિશ્ચિત કરશે, જેમાં તમામ ટેરિફ નાબૂદ થશે.

----------

## PM - FTA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર, FTA એ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવા માટેનો માર્ગ મોકળો કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, ભારત-ન્યુઝીલેન્ડ ભાગીદારી નવી ઊંચાઈઓ સર કરવા જઈ રહી છે. તેમણે

કહ્યું કે, ભારત વિવિધ ક્ષેત્રોમાં ન્યુઝીલેન્ડ તરફથી 20 અબજ ડોલરથી વધુના રોકાણનું સ્વાગત કરે છે.

તેમણે ઉમેર્યું કે ભારતના પ્રતિભાશાળી યુવાનો, ગતિશીલ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને સુધારા-સંચાલિત અર્થતંત્ર નવીનતા, વિકાસ અને લાંબા ગાળાની ભાગીદારી માટે મજબૂત પાયો પૂરો પાડે છે. શ્રી મોદીએ કહ્યું કે, બંને દેશ રમતગમત, શિક્ષણ અને સાંસ્કૃતિક જોડાણો જેવા અન્ય ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવાનું ચાલુ રાખશે.

----------

## JAISHANKAR-FTA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર, FTA ને બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક સીમાચિહ્નરૂપ ગણાવ્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, મંત્રીએ કહ્યું કે FTA રેકોર્ડ સમયમાં પૂર્ણ થયું. ડૉ. જયશંકરે કહ્યું કે આ કરાર બંને દેશો વચ્ચેની ભાગીદારીને ઝડપી વિકાસના માર્ગ પર મૂકે છે. તેમણે ઉમેર્યું કે, FTA ચોક્કસપણે તમામ ક્ષેત્રોમાં વેપાર, રોકાણ અને આર્થિક સહયોગને વેગ આપશે.

----------

## ARAVALLIS-BHUPENDER

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે સ્પષ્ટતા કરી કે સરકાર પાસે અરવલ્લી ક્ષેત્રમાં શહેરીકરણની કોઈ યોજના નથી અને તેનું એકમાત્ર અને વિશિષ્ટ ધ્યાન આ શ્રેણીના રક્ષણ પર છે.

નવી દિલ્હીમાં એક સમાચાર સંસ્થા સાથે વાત કરતા શ્રી યાદવે કહ્યું કે કુલેરા, અજમેર, ઉદયપુર અને બુંદી સહિતના ઘણા શહેરો પહેલાથી જ અરવલ્લીમાં સ્થિત છે, જ્યાં સદીઓથી માનવો વસે છે. તેમણે ઉમેર્યું કે સર્વોચ્ચ અદાલતે અરવલ્લીના સંરક્ષિત વિસ્તારોને વ્યાખ્યાયિત કર્યા છે. તેના આધારે, રાજ્યોએ કડક નિયમો બનાવવા જરૂરી છે. મંત્રીએ કહ્યું કે, લગભગ 90 ટકા વિસ્તારમાં ખાણકામ પ્રવૃત્તિઓ શક્ય નથી.

**(BYTE- BHUPENDRA-90)**

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે અરવલ્લીના 0.19 ટકાથી વધુ વિસ્તારમાં નવું ખાણકામ શક્ય નથી.

**(BYTE-BHUPENDER YADAV, ARVALLI)**

----------

# NITI AAYOG- EDUCATION REPORT

નીતિ આયોગે આજે ભારતમાં ઉચ્ચ શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ પર એક અહેવાલ બહાર પાડ્યો છે. આ અહેવાલનો ઉદ્દેશ અગ્રણી ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વૈશ્વિક શૈક્ષણિક અને સંશોધનમાં મોખરે રાખવાનો છે. આ અહેવાલમાં 22 નીતિ ભલામણો, ચોક્કસ હિસ્સેદારો માટે 76 કાર્ય માર્ગો, 125 પ્રદર્શન સફળતા સૂચકાંકો અને વિવિધ પ્રણાલીગત અને સંસ્થાકીય હિસ્સેદારો દ્વારા હાલમાં અમલમાં મુકવામાં આવી રહેલી 30 ભારતીય અને વૈશ્વિક પ્રથાઓની રૂપરેખા આપવામાં આવી છે. મુખ્ય ભલામણોમાં આંતરરાષ્ટ્રીયકરણના અમલીકરણ માટે એક વ્યાપક વ્યૂહરચના ડિઝાઇન

કરવી અને ભારતીય ભૂતપૂર્વ વિદ્યાર્થી રાજદૂત નેટવર્ક બનાવવાનો સમાવેશ થાય છે.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# VICE PRESIDENT - OFFICER TRAINEES

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આજે જણાવ્યું હતું કે વિકસિત ભારત 2047 સંકલ્પને હાંસલ કરવામાં સનદી અધિકારીઓ મુખ્ય ભૂમિકા ભજવશે.

નવી દિલ્હીમાં 2023 અને 2024 બેચના ભારતીય સંરક્ષણ ખાતા સેવા IDAS ના અધિકારી તાલીમાર્થીઓ સાથે વાતચીત કરતા, ઉપરાષ્ટ્રપતિએ પ્રામાણિકતા, પારદર્શિતા, સતર્કતા અને જવાબદારીના ઉચ્ચતમ ધોરણો જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, તેમણે નોંધ્યું કે જાહેર નાણાં કરદાતાઓના મહેનતથી કમાયેલા યોગદાનનું પ્રતિનિધિત્વ કરે છે.

----------

## DELHI HC- ED

દિલ્હી વડી અદાલતે આજે કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નેશનલ હેરાલ્ડ કેસમાં પ્રવર્તન નિદેશાલય-ED દ્વારા દાખલ કરાયેલી અરજીનો જવાબ આપવા જણાવ્યું છે. ED એ ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર્યો છે જેણે આ કેસમાં તેમની સામેની ચાર્જશીટ પર નોંધ લેવાનો ઇનકાર કર્યો હતો. ન્યાયાધીશ રવિન્દર દુડેજાએ મુખ્ય અરજી તેમજ 16 ડિસેમ્બરના ટ્રાયલ કોર્ટના આદેશ પર સ્ટે માંગતી EDની અરજી પર કોંગ્રેસ નેતાઓ અને અન્ય લોકોને નોટિસ પાઠવી હતી. વડી અદાલત આ મામલાની વધુ સુનાવણી આગામી વર્ષે 12 માર્ચે હાથ ધરશે.

----------

## COURT GOA FIRE

ગોવાની અદાલતે આજે બિર્ચ બાય રોમિયો લેન નાઈટ ક્લબના માલિક સૌરભ લુથરા અને ગૌરવ લુથરાની પોલીસ કસ્ટડી પાંચ દિવસ માટે લંબાવી છે, જ્યાં આ મહિનાની 6 તારીખે ભયાનક આગ લાગી હતી જેમાં 25 લોકોના મોત થયા હતા.

આ ઘટના પછી બંને થાઈલેન્ડ ભાગી ગયા હતા અને 17 ડિસેમ્બરે તેમને ત્યાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા. અંજુના પોલીસે તેમની સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધ્યો છે. અત્યાર સુધીમાં આઠ લોકોની

ધરપકડ કરવામાં આવી છે, જ્યારે પોલીસે બ્રિટન ભાગી ગયેલા આરોપી બ્રિટિશ નાગરિક સુરિન્દર કુમાર ખોસલા સામે બ્લુ કોર્નર નોટિસ જારી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

----------

## FRI-CYBER FRAUD

સરકારે નાણાકીય છેતરપિંડી જોખમ સૂચક-FRI ની મદદથી માત્ર 6 મહિનામાં 600 કરોડ રૂપિયાના સાયબર નુકસાનને અટકાવ્યું છે. સંદેશાવ્યવહાર મંત્રાલયે માહિતી આપી હતી કે એક હજારથી વધુ બેંકો, થર્ડ-પાર્ટી એપ્લિકેશન પ્રદાતાઓ અને પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરો ડિજિટલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મમાં જોડાયા છે અને FRI ને સક્રિયપણે અપનાવવાનું શરૂ કર્યું છે. FRI ભારતીય રિઝર્વ બેંક અને રાષ્ટ્રીય ચુકવણી નિગમના સક્રિય સમર્થન દ્વારા સંચાલિત છે. આનાથી બેંકો અને નાણાકીય સંસ્થાઓ મોટા પાયે જોડાઈ રહી છે.

મંત્રાલયે સંચાર સાથી પ્લેટફોર્મનો સક્રિયપણે ઉપયોગ કરીને શંકાસ્પદ છેતરપિંડી સંદેશાવ્યવહાર, તેમના નામે મેળવેલા છેતરપિંડીભર્યા જોડાણ અને ખોવાયેલા અને ચોરાયેલા મોબાઇલની જાણ કરવા માટે તમામ જાગૃત નાગરિકો અને સાયબર વોરિયર્સના પ્રયાસોને પણ સ્વીકાર્યા અને પ્રશંસા કરી.

----------

## GOVT - EIGHT CORE INDEX

ગયા વર્ષના નવેમ્બર મહિનાની સરખામણીમાં આ વર્ષે નવેમ્બરમાં આઠ મુખ્ય ઉદ્યોગોના સંયુક્ત સૂચકાંકમાં 1.8 ટકાનો વધારો થયો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, નવેમ્બરમાં સિમેન્ટ, સ્ટીલ, ખાતર અને કોલસાના ઉત્પાદનમાં સકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે.

આઠ મુખ્ય ઉદ્યોગોનો સૂચકાંક આઠ મુખ્ય ઉદ્યોગો - કોલસો, ક્રૂડ ઓઇલ, કુદરતી ગેસ, રિફાઇનરી ઉત્પાદનો, ખાતરો, સ્ટીલ, સિમેન્ટ અને વીજળી - ના ઉત્પાદનના સંયુક્ત અને વ્યક્તિગત પ્રદર્શનને માપે છે.

----------

## SCINDIA-TASK FORCE MEETING

ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓ, પરિવહન અને કનેક્ટિવિટી પર ઉચ્ચ સ્તરીય કાર્યદળની બેઠક યોજી હતી.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંધિયાએ જણાવ્યું, આ બેઠકની અધ્યક્ષતા ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સાહાએ કરી હતી. બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એક્ટ ઇસ્ટ, એક્ટ ફાસ્ટ અને એક્ટ ફર્સ્ટના વિઝન હેઠળ, અષ્ટલક્ષ્મી રાજ્યોને દક્ષિણપૂર્વ એશિયાના ભારતના પ્રવેશદ્વાર તરીકે દર્શાવવાનો રોડમેપ નક્કી કરાયો. નેતાઓએ ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં વૃદ્ધિ અને વિકાસ માટે નવી તકો ખોલવા માટે મલ્ટિમોડલ અને ડિજિટલ કનેક્ટિવિટીની પણ સમીક્ષા કરી હતી.

----------

## WHO- AYUSH MEETING

ભારત અને વિશ્વ આરોગ્ય સંગઠન, WHO એ પરંપરાગત દવાને વૈશ્વિક આરોગ્ય સંભાળ ધોરણોમાં એકીકૃત કરવા તરફ એક મોટું પગલું ભર્યું છે. આયુષ મંત્રાલય અને WHO એ આ સંદર્ભમાં નવી દિલ્હીમાં બે દિવસીય ટેકનિકલ પ્રોજેક્ટ મીટિંગનું આયોજન કર્યું હતું. જેમાં આરોગ્ય હસ્તક્ષેપોના આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ હેઠળ સ્થાપિત પરંપરાગત દવા હસ્તક્ષેપ કોડ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું. આ પહેલ મે મહિનામાં આયુષ મંત્રાલય અને WHO વચ્ચે થયેલા સમજૂતી કરારને અનુસરે છે.

----------

## IMD-WEATHER

હવામાન વિભાગે આજે ઉત્તર પ્રદેશમાં પૂર્વ વિસ્તારમાં તીવ્ર ઠંડીની આગાહી કરી છે. બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના સ્થળોએ પણ આજે ઠંડીનો અનુભવ થવાની સંભાવના છે. જ્યારે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ત્રિપુરા, ઓડિશા, રાજસ્થાન, ઉત્તરાખંડ અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં આજે ગાઢ ધુમ્મસની આગાહી છે.

દરમિયાન, દિલ્હી-NCRમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહી છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આજે બપોરે 1 વાગ્યા સુધીમાં રાષ્ટ્રીય રાજધાનીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 369 નોંધાયો હતો.

----------